ક્રમાંક:ક-૩/પરિપત્ર/૨૦૨૩/૯૩૨૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
કારેલીબાગ,વડોદરા.
તા૧૯/૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળાઓ ( સરકારી,ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ)
વડોદરા

વિષય : ગુરૂ પુર્ણિમા મહોત્સવની ઉજવણી કરવા બાબત

શ્રીમાન,

વેદ વ્યાસજીના જન્મદિવસ અષાઢી પુનમને ગુરૂપુર્ણિમા(વ્યાસ પુર્ણિમા) તરીકે ઉજ્વવામાં આવે છે.ગુરુ શિષ્ય પરંપરા ભારતીય સંસ્કૃતિમાં અનંતકાળથી ચાલતી આવી છે. આ વર્ષ તારીખ ૨૧મી જુલાઇ ૨૦૨૪ એ ગુરૂપુર્ણિમા મહોત્સવ છે. ભારતીય સસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે. શાળાના વિધાર્થીઓમાં સંસ્કાર સિંચન તેમજ ગુરુ શિષ્ય પરંપરા પ્રત્યે આદર કેળવાય તે ઉમદા હેતુસર ગુરૂપુર્ણિમાની ઉજવણીના ભાગરૂપે તા ૨૦/૦૭/૨૦૨૪ થી તા ૨૭/૦૭/૨૦૨૪ દરમિયાન શાળામાં નીચે મુજબના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તે ઇચ્નીય છે.

**કાર્યક્રમનું માળખું :**

૨૨/૦૭/૨૦૨૪ ગુરુ શિષ્ય પરંપરા અંગે વાર્તા કથન
૨૩/૦૭/૨૦૨૪ ગુરૂપુર્ણિમા વિશે નિબંધ લેખન
૨૪/૦૭/૨૦૨૪ ગુરૂપુર્ણિમા મહત્વ દર્શાવતી ચિત્ર સ્પર્ધા
૨૬/૦૭/૨૦૨૪ વૈદિક ગુરુ શિષ્ય પરંપરા તેમજ ગુરૂપુર્ણિમાના પોરણિક મહત્વ બાબતે ક્વિઝ
૨૭/૦૭/૨૦૨૪ ગુરુ શિષ્ય પરંપરા મહત્વ દર્શાવતી રંગોળી સ્પર્ધા

તા ૨૫/૦૭/૨૦૨૪ ના રોજ જિલ્લા કક્ષાએ "આચાર્ય વંદના" નો મુખ્ય કાર્યક્રમ નુતન પબ્લિક સ્કૂલ (CBSE),સમા-સાવલી રોડ, વડોદરા ખાતે યોજવામાં આવશે જેમાં આ સાથે સામેલ પધ્ધતિ મુજબ ગુરુ વંદના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લાની તમામ શાળાઓએ વેબીનારના મધ્યમથી જોડવાનું રહેશે અને જિલ્લા કક્ષાએ યોજનાર કાર્યકમ મુજબ ગુરુ વંદના કરવામાં આવશે.આ કાર્યક્રમમાં જિલ્લાની તમામ શાળાઓએ વેબીનારના મધ્યમથી જોડવાનું રહેશે. અને જિલ્લા કક્ષાએ યોજાનાર કાર્યક્મ મુજબ તે પ્રકારનું આયોજન દરેક શાળામાં કરી શકશે વિધાર્થીઓ દ્વારા ગુરૂ વંદના અહિયાં જણાવેલ પધ્ધતિ મુજબ સમાંતરે થાય તેવું આયોજન કરી શકાશે.વેબિનાર ની લીંક હવે પછીથી મોકલી આપવામાં આવશે.

આ કાર્યક્રમની ઉજવણીના હેતુસર દરેક શાળા દીઠ ૨ નોડલ (શકય હોય ત્યાં સુધી એક મહિલા અને એક પુરુષ શિક્ષક )ની નિમણૂક કરવાની રહેશે.અને તેમની વિગતો જેવીકે તેમનું નામ,હોદો અને સંપર્ક નબર આપની બીટના મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીને મોકલી આપશો. વધુમાં ઉપરોક્ત તમામ સ્પર્ધાઓનું સંકલન કરી અહેવાલ સ્વરૂપે આપની બીટના AEI મારફતે વિગતો મોકલી આપશો.

(આર.આર.વ્યાસ)
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

વંદનની સામગ્રી: કંકુ,ચોખા,પાણીનો કળશ,નાડાછડી,ફૂલ તેમજ શ્રધ્ધાપૂર્વક નૈવૈધની વ્યવસ્થા કરવી.

આચાર્ય વંદન વિધિ

- ઓમકાર ત્રણ વાર ઉચ્ચારણ
- આદરણીય આચાર્યને યોગ્ય સ્થાને બાજોઠ અથવા ખુરશીમાં આસન ગ્રહણ કરવા કહેવું
- આચાર્ય વંદન સકલ્પનો ભાવ કરવો
- પોતે પણ જમીન પર યોગ્ય આસન ગ્રહણ કરવું દીર્ઘ શ્વાસ લઈને ત્રણ વાર ઓમકારનું ઉચ્ચારણ કરવું
- કળશમાના પાણી વડે આચાર્યના ચરણનું પ્રક્ષાલન કરવું
- આદરણીય આચાર્ય જમણા પગના અંગુઠા ઉપર કંકુ ચોખા વડે વંદના કરવું
- ત્રણ કમળમાં પુષ્પ અર્પણ કરવા
- આચાર્યના જમણા હાથના કાંડાઉપર નાડાછડી બાધવી અને નૈવેધ વડે આચાર્યશ્રીનું મો મીઠું કરાવવું.